# યુવા વેપારીનું તેના જ ડ્રાઈવરે બે મિત્રો સાથે મળીને અપહરણ કર્યું

**બે તોલાની સોનાની ચેઈન, ચાર હજાર રોકડા, એટીએમનો પીન નંબર મેળવી રૂ.૨૫ હજાર અપહરણકારોએ લઈ લીધા, ડ્રાઈવરે રીપોર્ટ લેવા જવાનું કહીને વેપારીને લઈ ગયો હતો, વિવિધ સ્થળોએ ફેરવીને માર માર્યો, પરિવારજનોએ રાજા અંગે વારંવાર ફોન કરતા અને લોકેશન માંગતા અપહરણકારો ગભરાતા ચિલોડા વેપારીને ઉતારી નાસી છુટ્યા**



ગાંધીનગર, તા. ૨૬

શહેરના યુવા વેપારીનું અપહરણ થતા ચકચાર મચી જવા પામી હતી. સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે સ્કેપનો વેપાર કરતા વેપારીનું અપહરણ તેમના જ ડ્રાઈવર અને તેના બે મિત્રોએ કર્યું હતું. ડ્રાઈવરે રીપોર્ટ લેવાના બહાને વેપારીને સેકટર-૨૮ માંથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં લઈ ગયા હતા. ચિલોડા, દહેગામ, કપડવંજ સહિતના સ્થાનો પર લઈ જઈને અપહર્તાને મારમારી સોનાની ચેઈન, ૪ હજાર રોકડા, એટીએમનો પીન નંબર મેળવી રૂ.૨૫ હજાર નીકાળી લઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી અપહરણકારોએ ચિલોડા ઉતારી ભાગી ગયા હતા.

સુત્રો પાસેથી મળતી વિગત સેકટર-૨૯ ચર્ચની પાછળ મસ્તાના ફલેટ પ્લોટ નં.૬૫૧-૧ ખાતે મોહમદ ઈમરાન મનસુરી ઉર્ફે રાજા (ઉં.૨૬) પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૮ જીઆઈડીસી પ્લોટ નં.૩૧૫ ખાતે રાજ સ્કેપ ટ્રેડર્સ નામથી લોખંડના ભંગારનો લે-વેચનો વેપાર કરે છે. ત્યારે ફરીયાદીના પિતાની તબિયત સારી ન હોવાથી પેથાપુર ખાતે રહેતા મોઈન જમાલ શેખને ડ્રાઈવર તરીકે નોકરી રાખ્યો હતો. તે છેલ્લા બે વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે . ત્યારે ગત તા.૨૫ ના રોજ રાજા જીઆઈડીસી ખાતે દુકાને હતો ત્યારે બપોરે સવા એક વાગે મોઈનનો ફોન આવ્યો હતો. જેમ ાં તે રીપોર્ટ લેવા જવા માટે રાજાને સાથે આવવા માટે કહ્યું હતું. જેથી રાજા દુકાનની બહાર આવતા મોઈન સફેદ કલરની સ્વીફ્ટ ગાડી લઈને આવ્યો હતો. ગાડીમાં રાજાને બેસાડી મિત્ર સાથે વાત કરવાનું કહીને મોઈને તેને મોબાઈલ ફોન લઈ લીધો હતો. રોડ નંબર ૭ પાસેથી પ્રેસ સર્કલથી આગળ મોઈનના બે મિત્રો વસીમ અને સમીર આવ્યા હતા. જેથી રાજા પાછળની સીટમાં બેસી ગયો હતો. યુવકને દહેગામ બાજુ લઈ જઈને માર્ગમાંથી તેઓએ ધોકો અને રસ્સીની ખરીદી કરી હતી. દહેગામ નજીક એક નાની કેનાલ જેવું આવતા તેઓએ ગાડી ઉભી રાખી હતી. તેઓએ ફોટો પાડવાની વાત કરી હતી. એક વ્યકિતને ડરાવવાનો હોવાથી તે માટે કોઈના હાથપગ બાંધીને મારતા હોય તેવો ફોટો પાડવાનો હોવાથી એકટીંગ કરવાની વાત કરી હતી. રાજાએ હાથ બાંધીને ફોટો પડાવવાની ના પાડી હતી. તેમ છતા વસીમે તેના હાથ બાંધી દીધા હતા. તે સમયે જ સમીરે રાજાને ગાલ પર લાફો ઝીંકી દીધો હતો અને વસીમે પગ પર ધોકો માર્યો હતો. ત્યારબાદ સમીરે મોઈનને કેમ હેરાન કરો છો તેમ કહીને છરો કાઢીને રાજાના ગળા પર મુકી દીધો હતો. રાજાના ખિસ્સામાંથી પાકીટ કાઢીને એટીએમનો પીન નંબર પુછતા રાજાએ ના આપતા ત્રણેય ભેગા મળીને ગડદાપાટુનો માર માર્યો હતો. ડરને પગલે રાજાએ એટીએમનો પીન નંબર આપતા તેમાંથી નજીકના ગામમાં જઈને ૨૫ હજાર ઉપાડી લીધા હતા. રાજાના ગળામાં પહેરેલી સોનાની બે તોલાની ચેઈન પણ કાઢી લીધી હતી. બપોરના સુમારે આરોપીઓ રાજાને લઈને કપડવંજ ખાતે ગયા હતા.જયાં મોઈનની સાસરી છે. ત્યાંથી પરત ફરતા રાજાને કયાં રાખવો તે અંગે ચર્ચા વિચારણા ચાલી હતી. રાજાનો પરિવાર અનેકવાર મોઈનને કોલ કરીને નોકરીએ કેમ નથી આવ્યો અને રાજા સાથે છે કે નહી તેની પુછતાછ કરતો હતો. જો કે તે દર વખતે ગોળગોળ જવાબ આપી દેતો હતો. મોઈન પર શંકા ન જાય તે માટે તે અજાણ્યા નંબરથી રાજાના પિતાને કોલ કરીને અપહરણ કર્યું હોવાનું કહીને પૈસાની માંગ કરવાની વાત કરી હતી.પરંતુ ત્રણેયમાંથી કોઈ વાત કરવા માટે તૈયાર ન હતા. તો બીજીતરફ રાજાના પરિવારના સભ્યો તેની પુછતાછ કરીને લોકેશન માંગતા ત્રણેય ગભરાઈ ગયા હતા. જેથી તેઓએ રાજાને ધમકાવીને ફોન કરાવ્યો હતો. જેમાં હુ બહાર ફરવા ગયો હતો આવુ છુ તેમ કહેવડાવ્યું હતું.ત્યારબાદ આરોપીઓએ મોટા ચિલોડા રાજાને ઉતારી દીધો હતો. તારા અપહણ અંગે કોઈને કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘરે હેમખેમ પહોંચી ગયેલા રાજાએ પરિવારના સભ્યોને બનાવ અંગે જાણ કરી હતી. ત્યારબાદ સેકટર-૨૧ પોલીસ મથકે રાજાએ ફરીયાદ નોંધાવતા ડ્રાઈવર અને તેના બે મિત્રો ને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચારના આજે અંતિમ દિવસે લગભગ બધી બેઠકો પર શક્તિ પ્રદર્શન ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં આજે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક સરખા કેસ નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.
- નવગુજરાત સમય દૈનિકના ગાંધીનગર ખાતેના પત્રકાર શ્રેયસ પંડિતના પિતા અને નિવૃત્ત અધ્યાપક હરેશભાઈ પંડિતનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ૧લી માર્ચથી શરૂ થઈ રહેલ કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડના આયોજન અંગે રાજ્યના મુખ્ય સચિવે આજે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- ૧લી માર્ચથી શરૂ થઈ રહેલ વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં વિધાનસભા સંકુલમાં પ્રવેશ મેળવનારે કોરોનાનો ટેસ્ટ ફરજીયાત કરાવવાનો રહેશે.

**ડિજિટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે રાજ્ય સરકારનું વધુ એક નક્કર કદમ**

# ગાંધીનગર ખાતે 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન'નું લોન્ચિંગ

### એન્ડ્રોઈડ મોબાઈલ વપરાશકર્તાઓ "ગુજરાત બજેટ" એપ્લિકેશન ગૂગલ પ્લે સ્ટોર પરથી ઉપલબ્ધ



ગાંધીનગર, તા. ૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભો સામાન્ય નાગરિકને આંગળીના ટેરવે મળી રહે તે માટે રાજ્ય સરકારે ટેકનોલોજીના માધ્યમ દ્વારા અનેકવિધ નવતર આયામ હાથ ધર્યા છે, ડિજિટલ ગુજરાતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા આજે રાજ્ય સરકારનું અંદાજપત્ર પણ આમ નાગરિકો માટે ઉપલબ્ધ થઈ શકે તે માટે આજે વધુ એક નક્કર કદમ ભરીને 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન' તૈયાર કરી છે.

રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ રાજયના અંદાજપત્ર અંગેની માહિતી આપતી 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન'નું લોન્ચિંગ કરાવતા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે જણાવ્યું છે કે ગુજરાત રાજ્યનું આગામી વર્ષ-૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર આગામી તા. ૩ જી માર્ચ-૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે રજૂ કરવામાં આવનાર છે. આ મોબાઈલ એપ્લીકેશન દ્વારા વિધાનસભા ગૃહના સભ્યો તેમજ જન સામાન્યને બજેટ સંબંધિત દસ્તાવેજો ઝડપથી અને સરળ રીતે ઉપલબ્ધ કરાવી શકાશે. આ એપ્લીકેશનમાં ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અને પાછલા વર્ષોનાં, તમામ બજેટ સંબંધિત દસ્તાવેજો ઉપલબ્ધ થશે. નીતિનભાઈ પટેલે ઉમેર્યુ કે લોકશાહીમાં નાગરિકોને પારદર્શિતાથી સત્વરે અંદાજપત્રની વિગતો આંગળીના ટેરવે ટેકનોલોજીના માધ્યમ દ્વારા પહોંચાડવા માટેની આ એપ્લિકેશન અત્યાર સુધીના ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમવાર રજુ થશે. આ અંદાજપત્ર નાગરિકો સુધી ઝડપથી પહોંચાડવા માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

## સેકટર-૧૬-૨૩ કટ પાસેથી પેશન પ્લસ બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વાહનચોરીના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે.વાહન ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે.શહેરમાં આંતરે દિવસે વાહનચોરીનો બનાવ નોંધાય છે. પોલીસના પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. ત્યારે શહેરના સેકટર-૧૬-૨૩ ના કટ પાસેથી ગતરોજ રાત્રીના સુમારે બાઈક પાર્ક કરીને મિત્રો સાથે જમવા ગયેલા યુવાનનું બાઈક ચોરાયું છે. મળતી વિગત મુજબ સેકટર-૧૭ બ્લોક નં. ૩૫-૫ છ ટાઈપ ખાતે રહેતો મયંક દિપકભાઈ મકવાણા બી કોમ નો અભ્યાસ કરે છે.

તે ગતરાત્રીના દશવાગે ઘરેથી બાઈક નં. જી.જે.૧૮.એ.જે.-૧૫૪૬ લઈને મિત્રો સાથે જમવા માટે નીકળ્યો હતો. રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે તેણે બાઈક સેકટર-૧૬ ના કટ પાસે પાર્ક કરીને લોક મારી દીધુ હતુ. ત્યારબાદ મિત્રો સાથે તે ખાણીપીણી બજારમાં જમવા માટે ગયો હતો. જમીને ૧૧ વાગે પરત આવીને જોયું તો બાઈકની ચોરી થઈ હતી. બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હોવાથી આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી તેમ છતા બાઈક મળી આવ્યું ન હતું. આખરે મયંક મકવાણા એ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૦ હજાર બાઈકની કિંમત ગણી બાઈક ચોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાત્રે વધતા તાપમાનથી ગરમી વધી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી વધી રહી છે. મહત્તમ તાપમાન વધવાની સાથે સાથે હવે લઘુત્તમ તાપમાન પણ ઉંચકાઈ રહ્યું છે. જેના કારણે રાત્રે પણ પંખાની સ્પીડ વધારવી પડી રહી છે.

ઉનાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દિવસે દિવસે ગરમી વધી રહી છે. હજુ તો ફેબ્રુઆરી મહિનો પૂર્ણ થયો નથી ત્યાં જ ગરમી વધવા લાગી છે. ઉનાળો જાણે જલ્દી બેસી ગયો હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રીની આસપાસ રહેતા સારી એવી ગરમી અનુભવાઈ રહી છે. દિવસે તો ખૂબ જ આકરો તડકો અનુભવાય છે. પંખા ફૂલ સ્પીડે ફરવા લાગ્યા છે. ક્યાંક ક્યાંક એસી પણ ચાલુ થયા છે.

મહત્તમ તાપમાન વધ્યુ પરંતુ લઘુત્તમ તાપમાન ૧૩-૧૪ ડિગ્રીની આસપાસ રહેતા મોડી સાંજે અને વહેલી સવારે સારી એવી ઠંડક અનુભવાતી હોય છે. પરંતુ એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલુ ઉંચકાતા ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. આગામી દિવસોમાં વધુ ગરમી વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ખાતે પ્રિ-પ્લેસમેન્ટ યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ગાંધીનગર ખાતે બી.ફાર્મ સેમેસ્ટર-૮ તથા એમ. ફાર્મ સેમેસ્ટર-૪ ના તમામ વિદ્યાર્થીઓ માટે પ્રી પ્લેસમેન્ટ-૨૦૨૧ નું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખુશાલ પટેલ (ફાઉન્ડર, ઓમરોન સંસ્થા) દ્વારા લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમા કોમ્યુનિકેશન સ્કીલ, પ્રેજન્ટેષન સ્કીલ, સેલ્ફ કોન્ફિડન્સ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**કોરોના વેક્સીનેશન ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોખરે**

# ૧લી માર્ચથી ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સીટીઝનને વેક્સીન અપાશે

ગાંધીનગર, તા. ૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યના નાગરિકોને કોરોનાથી રક્ષીત કરવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબધ્ધ આયોજન કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના નાગરિકોને કોરોનાની રસીથી સુરક્ષીત કરવામાં આવી રહ્યાં છે ત્યારે ગુજરાતમાં પણ કોરોના વોરીયર્સ અને ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સને રસીકરણ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે કોરોનાના રસીકરણના બીજા તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સીટીઝન અને ૪૫ વર્ષ સુધીના ગંભીર પ્રકારના રોગોથી પીડાતાં નાગરિકો માટે રસીકરણનો પ્રારંભ સમગ્ર દેશમાં તા. ૧ લી માર્ચથી શરૂ થનાર છે. આ માટે ગુજરાતમાં પણ સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યમાં કોરોના વોરીયર્સ અને ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સને પ્રથમ તબક્કામાં જે રસીકરણ કરવામાં આવ્યું છે તેમાં પ્રતિ ૧૦ લાખના માપદંડમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. બીજા તબક્કાના આ રસીકરણ અભિયાન અંતર્ગત રસી માટે લાયક લાભાર્થીઓ કોવિન પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપ્લીકેશનમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રસી લઈ શકશે અથવા રસીકરણના સ્થળ પર જઈને નોંધણી કરાવીને પણ રસી લઈ શકશે. નોંધણી માટે આધાર કાર્ડ અને જો આધાર કાર્ડ ઉપલબ્ધ ના હોય તો નિયત કરેલ આઈ ઓળખ કાર્ડ પૈકી કોઈપણ એક ઓળખ કાર્ડ તથા ૪૫-૫૯ વર્ષના લાભાર્થીને ડોક્ટરનું પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સુચના મુજબ આગામી તા. ૧ લી માર્ચ, ૨૦૨૧ ના રોજ થી ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા (તા. ૧-૧-૨૦૨૨ સ્થિતિએ) તથા ૪૫ થી ૫૯ વર્ષ ઉંમરના અન્ય રોગ ધરાવતા (ઉંમર-૧-૧.૨૦૨૨ સ્થિતિએ અને બીમારી અંગેનું ડોક્ટરનું પ્રમાણપત્ર) નાગરિકોને રસી આપવામાં આવશે. તબક્કાવાર તમામ સરકારી દવાખાના, ૅસ્નછરૂ/સ્છ અંદ્વક્ટહક્ર તથા ઝ્પ્ઉંજી અંતર્ગતની ખાનગી હોસ્પિટલોમાં રસી આપવામાં આવશે. સરકારી દવાખાનામાં રસી વિનામુલ્યે આપવામાં આવશે જ્યારે ખાનગી હોસ્પિટલોમાં રૂ. ૧૦૦/- વહીવટી ખર્ચ અને ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવનાર રસીની કિંમત લાભાર્થી પાસેથી વસુલવામાં આવશે. આ માટે આવકની કોઈ મર્યાદા રહેશે નહીં.

તેમણે ઉમેર્યુ કે આ બીજા તબક્કાના રસીકરણ અભિયાન માટે અંદાજીત ૫૦૦ જેટલા સેન્ટર (સરકારી ખાનગી) ક્રમશઃ તેમાં વધારો કરવામાં આવશે. તમામ રસી લીધેલ લાભાર્થીઓને રસી આપી દેવાઈ છે. તે અંગેનું પ્રમાણપત્ર જે-તે રસીકરણના સ્થળેથી આપવામાં આવશે. તમામ લાભાર્થીને બીજા ડોઝની જાણ સીસ્ટમ દ્વારા કરવામાં આવશે.

# ઈન્ફોસીટી સુપરમોલ-૨ના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્ફોસીટી સુપરમોલ-૨ ના પાર્કિંગમાંથી પેશન પ્લસ બાઈક ચોરી થવા પામી છે. બપોરે ૧૨ કલાકે મુકેલુ બાઈક રાત્રીના ૧૧ કલાકે ગાયબ હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક નહી મળી આવતા ઈન્ફોસીટી પોલીસે રૂ.૧૦ હજારનું બાઈક ગણી વધુ તપાસ હાથ ધરી છે.

વાવોલ બ્લુ બેલ્સ એકઝોટીકા સી-૩૦૪ ખાતે રહેતા રેનીશન પ્રકાશચંદ્ર કિશ્ચિયન પોતાના પરિવાર સાથે રહે છે અને સુપર મોલ -૨ ખાતે આવેલા ધ ચોકલેટ કાફેમાં છેલ્લા એક વર્ષથી સ્ટાફ મેમ્બર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ ફરીયાદીનું બાઈક સેકટર-૮ ખાતે રહેતા તેમના મિત્ર હિતેશસિંહ ડાભી લઈ ગયા હતા. ત્યારબાદ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં બાઈક નં.જી.જે.૧૮. એ.કે.૧૮૯૫ સુપરમોલ-૨ ના પાર્કિંગમાં પાર્ક કરીને લોક માર્યુ હતું. ત્યારબાદ ઓફિસે ગયા હતા. જયારે રાત્રીના ૧૧ વાગે નીચે આવીને જોયું તો બાઈક સ્થળ પર ન હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જયારે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૦ હજાર બાઈકની કિંમત ગણી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**ટચુકડી જાહેરખબર**

DRDA દ્વારા માન્ય SHG પાસેથી ગાંધીનગર, ઉદ્યોગભવનના બ્લોક નં. ૧૮, ૨જો માળ ખાતે કાર્યરત ઈન્ડેક્ષ્ટબીમાં ચા-કોફીની સેવાઓ માટે આવી સેવાઓ માટેની DRDAની માન્યતા મળેલ હોય તેવા SHG પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. કચેરીના કામકાજના સમય દરમિયાન તા. ૧/૩/૨૦૨૧થી તા. ૮/૩/૨૦૨૧ સુધીમાં ભાવપત્રક મેળવી શકશે.

# ટીંટોડામાંથી જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૬

ટીંટોડા પ્રાથમિક શાળાની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૪,૫૦૦, તેમજ ૫ મોબાઈલ કિં.રૂ.૨૦,૫૦૦ તેમજ દાવ પરથી રોકડ રૂ.૪૪૦ મળી કુલ રૂ.૩૫,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે ટીંટોડા ગામની પ્રાથમિક શાળાની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ જુગાર રમી રહેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં ટીંટોડા વડવાળા વાસ ખાતે રહેતા સંજય સરદારજી ઠાકોર (ઉં.૩૧),સુઘડ ગામ પગીવાસમાં વસવાટ કરતા પંકજ અમરતજી ઠાકોર (ઉં.૨૭),સુઘડ ગામ ખાતે રહેતા અખીલ પોપટજી ઠાકોર (ઉં.૩૪), નવીનજી લીલાજી ઠાકોર (ઉં.૪૦) રમેશ વિસાજી ઠાકોર (ઉં.૩૧) રંગેહાથ ઝડપાઈ ગયા હતા.પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૩૫,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માહિતી ખાતાની ૩૨ વર્ષની સુદીર્ઘ સેવાઓ બાદ નાયબ માહિતી નિયામક ધીરૂભાઈ કોટવાલ વયનિવૃત્ત



માહિતી ખાતામાં ૩૨ વર્ષની લાંબી સેવાઓ બાદ ગાંધીનગર ખાતેથી નાયબ માહિતી નિયામક શ્રી ધીરૂભાઈ કોટવાલ વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. માહિતી પરિવારના મોભી અને માર્ગદર્શક એવા અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલે વય નિવૃત્ત થતા શ્રી ધીરૂભાઈને શુભેચ્છાઓ આપતા કહ્યુ કે સરકારી સેવામાંથી નિવૃત્ત થવું એક ફરજનો ભાગ છે ત્યારે તેમનું આગળનું જીવન પરિવાર સાથે સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું કે, ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે.

નિવૃત થતા શ્રી ધીરૂભાઈએ પોતાના પ્રતિભાવમાં કહ્યું કે, માહિતી પરિવાર દ્વારા મને મળેલો અપાર પ્રેમ મારા માટે અવિસ્મરણીય રહેશે. ૩૨ વર્ષની સેવાઓમાં તમામ અધિકારી, કર્મચારીઓએ આપેલ સહયોગ-પ્રેમને પરિણામે મને અપ્રતિમ સફળતા મળી છે તે માટે સૌનો આભાર માની તેમના કાર્યકાળ દરમિયાનના અનુભવો તાજા કર્યા હતા.

# ચિલોડા ખાતે બળિયાદેવ અને મહાકાળી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં દર વર્ષે પરંપરા મુજબ યોજાતા હવન અને ગરબા મહોત્સવ પ્રસંગ ધામધૂમથી ઉજવાય છે. ત્યારે ૨૪મી ફેબ્રુઆરીએ નિયત સમય મુજબ ગામના ચોકમાં બળિયાદેવ અને મહાકાળી માતાજી યુવક મંડળ આયોજિત પાટોત્સવ નિમિત્તે હવન કાર્યક્રમ સહિત રાત્રે ફૂલોના ગરબા મહોત્સવમાં માઈભક્તો સંગીતના સુરે 'મા'ના ગુણલાં ગાઈ ભાઈ-બહેનો ગરબે ઘુમી ધન્યતા અનુભવી હતી.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ - ૨૦૨૦-૨૦૨૧**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેતી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૭૩/૨૦૨૦-૨૧ | Construction of Shade work at Sector-28, Primary School 1 & 2, Samarpan muk badhir shishu vidhya mandir, Gandhinagar Municipal Corporation Gandhinagar | રૂ. ૨,૪૦૦/- | રૂ. ૫૬,૭૮૭/- |

ટેન્ડર ફોર્મ તા. ૧/૩/૨૦૧૧થી તા. ૧૫/૩/૨૦૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૬/૩/૨૦૧ થી ૨૨/૩/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૩/૩/૨૦૨૧ના રોજ કરવામાં આવશે.

સહી/-
માહિતી/૧૯૮૯/૨૦-૨૧ મ્યુનિસપલ કમિશનર, ગાંધીનગર

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ - ૨૦૨૦-૨૦૨૧**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેતી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૭૨/૨૦૨૦-૨૧ | Sonstruction of Shade work at Sector-29, Primary School, Borij Shade work, Sector-16 Kanya School, Borij Primary School, Dholakuva community hall in GMC area, Municipal Corporation Gandhinagar | રૂ. ૨,૪૦૦/- | રૂ. ૫૬,૭૮૭/- |

ટેન્ડર ફોર્મ તા. ૧/૩/૨૦૧૧થી તા. ૧૫/૩/૨૦૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૬/૩/૨૦૧ થી ૨૨/૩/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૩/૩/૨૦૨૧ના રોજ કરવામાં આવશે.

સહી/-
માહિતી/૧૯૯૦/૨૦-૨૧ મ્યુનિસપલ કમિશનર, ગાંધીનગર